## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તંત્ર તો ખડે પગે જ છે... ગાંધીનગર ઓફિસમાં... તમે જ કહો અહીં ક્યાંય ખડે પગે ઊભા રહેવાય એવું રહ્યું છે...??



**શ્વેતાંબર જૈન મુનિઓનું ચાતુર્માસ પ્રવેશે ભવ્ય સામૈયુ કરાયું**

ગાંધીનગરમાં આજે શ્વેતાંબર જૈનમુનિ આચાર્ય પૂ. ચંન્દ્રશેખર વિજયજી મ.સા. સહિત પૂ. વિશ્વરક્ષિત વિજયજી મ.સા., પૂ. ધર્મભૂષણવિજયજી મ.સા. અને પૂ. વિમલયશ વિજયજી મ.સા.નું ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભવ્ય સામૈયુ કરવામાં આવ્યું હતું. આચાર્ય સહિત મુનિઓનું જિલ્લા પંચાયત પાસે સવારે ૮ કલાકે વાજતે ગાજતે સામૈયું કરી સે. ૨૨ ખાતે જિનાલય દર્શને લવાયાં હતા જ્યાં ચૈત્યવંદન બાદ ઉપાશ્રયમાં પ્રવેશ પામ્યાં હતા. આ પ્રસંગે આચાર્યનું માંગલિક પ્રવચન યોજાયાં બાદ ચઢાવા બોલાયા હતા અને અંતમાં સકળ સંઘની નવકારશી યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આચાર્ય સહિત સંઘ શહેરના જૈન સંઘના મોભી સૂર્યકાન્તભાઈ મહેતાના ગૃહ ચૈત્યે ચાતુર્માસ માટે બિરાજમાન થયેલ છે. આ સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરના શ્વેતાંબર જૈન શ્રાવકો જોડાયા હતા.

# ગાંધીનગર તાલુકા પંચાયતની મુલાકાત લેતા જિલ્લા વિકાસ અધિકારી

### વિકાસ કામો સમય મર્યાદામાં પુરા થાય તે જોવા તાકીદ ચુકવણામાં વિલંબ સાંખી લેવાશે નહિ તેવી કડક તાકીદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા અચાનક જ મુલાકાતે જઈ ચડયા હતા.

તાલુકા પંચાયતની કચેરીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ૧૪મા નાણાં પંચના ચાલતા કામો, તાલુકા પંચાયત દ્વારા હાથ ધરાયેલા વિકાસ કામો, આયોજન મંડળે મંજૂર કરેલા કામો સહિતના વિવિધ કામોની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી.

તેમણે મનરેગા હેઠળ ચાલતા કામો વૃક્ષારોપણને લઈ તાલુકામાં કરાયેલ આયોજન, પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્થિતિ સહિતના મુદ્દાઓને લઈ ચર્ચા કરી હતી. બે કલાક જેટલા રોકાણ દરમિયાન તેમણે સમય મર્યાદામાં જ વિકાસના કામો પૂર્ણ થાય, બિલોના ચુકવણા તેમજ મનરેગામાં પણ વેતનનું ચુકવણું નિયમિત થાય તે જોવા માટે તાકીદ કરી હતી.

૧૪મા નાણાં પંચના થયેલા વિકાસ કામોના સોશ્યલ ઓડિટ માટે પણ તંત્રને કડક તાકીદ કરી હતી.

તેમણે પંચાયતના જિલ્લા કક્ષાએ પડતર પ્રશ્નો અંગેની જાણકારી મેળવી હતી. તેમણે ગાંધીનગર તાલુકામાં આવાસ યોજનાના કામો જે સ્પીલ ઓવર થયા છે તેનો ઉલ્લેખ કરી અસરકારક મોનીટરીંગ કરવા સૂચવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી કોયાએ ગઈ કાલે માણસા તાલુકાની પણ મુલાકાત લીધી હતી જે ઉલ્લેખનીય છે.

# આપઘાત કરવા કેનાલ પર પહોંચેલા બે યુવાનોની અડાલજ પોલીસે જિંદગી બચાવી

### આર્થિક સંકડામણથી કંટાળી ગયેલો એક યુવાન અને ઘરકંકાસથી કંટાળી ગયેલો એક યુવાન બંને ઝુંડાલ કેનાલમાં આપઘાત કરવા પહોંચ્યા હતા : સતત તેમના સંપર્કમાં રહીને પોલીસે તેમને ટ્રેસ કરી બચાવી લીધા

ગાંધીનગર, તા.૧૮

બે દિવસ પહેલા અમદાવાદના બે અલગ-અલગ વિસ્તારમાં રહેતા બે યુવાનો અલગ અલગ સમયે ઝુંડાલ નર્મદા કેનાલમાં આપઘાત કરવા આવી પહોંચ્યા હતા. એક યુવાન ઘરકંકાસથી કંટાળી ગયો હતો તો બીજો યુવાન આર્થિક સંકડામણથી કંટાળી ગયો હતો. પોલીસને મળેલા ફોન કોલ ઉપર અડાલજ પોલીસ સતત સંપર્કમાં રહી અને તબક્કાવાર બંનેને ટ્રેસ કરીને કેનાલમાં છલાંગ લગાવે તે પહેલાં જ પોલીસ તેમના સુધી પહોંચી ગઈ હતી અને તેમને બચાવી લઈ સમજાવીને પરિવારજનોને સોંપી બંને યુવાનોની અમૂલ્ય જિંદગી બચાવી લીધી હોવાની વિગતો ધ્યાને આવી છે.

૧૬ જુલાઈએ ઝુંડાલ નર્મદા કેનાલમાં બે યુવાનો અલગ અલગ સમયે આપઘાત કરવા આવી પહોંચ્યા હતા. સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય સતિષભાઈ રસિકલાલ શાહ ઝુંડાલ કેનાલ પહોંચી ગયા હતા. તેમની આર્થિક સ્થિતિ નબળી હતી અને આર્થિક સંકડામણથી કંટાળી ગયા હતા. પોતે કંટાળી ગયા હોવાથી આપઘાત કરવા જઈ રહ્યા હોવાનો ફોન અડાલજ પીઆઈ જે.જી. વાઘેલાને તેમણે કર્યો હતો. આ કોલને ગંભીરતાથી લઈને પીઆઈની સૂચનાથી ટાઉન બીટના જમાદાર નિલેશકુમાર અને એક પીસીઆર વાનના પોલીસકર્મીઓ તે યુવાનને બચાવવા દોડતા થઈ ગયા હતા. જે નંબર ઉપરથી પીઆઈને ફોન આવ્યો હતો તે નંબર ઉપર એએસઆઈ નિલેશકુમારે ફોન કરીને સતીશભાઈ શાહના સતત સંપર્કમાં રહ્યા અને તેઓ ફોન પર વાતો કરે ત્યાં સુધીમાં ઝુંડાલ પહોંચી જઈને કેનાલ બહારથી તેમને છલાંગ મારે તે પહેલા અટકાવી લઈ બચાવી લીધા હતા.

આ જ દિવસે બપોરે ત્રણ વાગ્યાના અરસામાં બીજો એક આવો કિસ્સો બન્યો હતો. અમદાવાદના ચાંદખેડા ખાતે રહેતા ૩૦ વર્ષીય યુવાન સુનિલભાઈ સોલંકી ઘરકંકાસથી કંટાળીને ઝુંડાલ કેનાલમાં આપઘાત કરવા પહોંચી ગયા હતા. જિલ્લા પોલીસ કંટ્રોલ મારફતે વાયરલેસ મેસેજથી આ મામલે જાણ થતા એએસઆઈ નિલેશસિંહ અને તેમની ટીમ તાબડતોબ બચાવ કામગીરી માટે ઝુંડાલ કેનાલ પહોંચી ગયા હતા અને વાયરલેસ મેસેજમાં મળેલા વર્ણનને આધારે તે વ્યક્તિને શોધી કાઢી કેનાલમાં આપઘાત કરે તે પહેલાં જ બચાવી લેવાયા હતા. આ યુવાનનું પણ કાઉન્સેલિંગ કરી સમજાવીને ફરીવાર આવું ન કરવા સલાહ આપી પરિવારજનોને સોંપી દીધો હતો. અડાલજ પોલીસની ટીમને એક જ દિવસે બે યુવાનોની જિંદગી બચાવી લેવાની પ્રશંસનિય કામગીરી કરવા બદલ પોલીસ ઈન્સ્પેક્ટરે અભિનંદન પાઠવ્યા હતા.



**દહેગામના દેવકરણના મુવાડામાં ચોખાનું વિતરણ**

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં તેમજ પાંચ ગામોમાં વૃધ્ધ નાગરીકોને ૩ કિ.ગ્રા.ચોખાનું વિતરણ ડો.બોઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે કેટલાક વડીલોને ચશ્મા તેમજ ચોમાસાની સિઝન હોવાથી છત્રીનું પણ આપવામાં આવી હતી. ભેટાઈ ગામમાં ૭ લાભાર્થીને ચોખાની સાથે બિસ્કીટના પેકેટ વિતરણ કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સભ્યો હાજર રહ્યા હતા.

## વાવોલની એમ.બી. પટેલ હાઈસ્કૂલ ખાતે હસ્તાક્ષર સુધારણા અને માતૃભાષા કાર્યક્રમ

પ્રગતિ મંડળ વાવોલ સંચાલિત શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલ ખાતે 'હસ્તાક્ષર સુધારણા અને માતૃભાષા કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં તપોવન સંસ્કાર તીર્થ-અમિયાપુરના રાજ્ય એવોર્જ વિજેતા પૂર્વ શિક્ષક રોહિતભાઈ જોષીએ માતૃભાષા, અક્ષર સુધારણા, સંસ્કાર ઘડતર, લેખન, કથન, ગણન અને વાંચન પદ્ધતિમાં અસરકારક પરિણામલક્ષી દૃશ્ય શ્રાવ્ય પ્રોજેક્ટ માટે ૧૮૮ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સઘન અધ્યયન સફળ રીતે પીરસ્યુ હતુ. આ સાથે તેમણે બાળ વિકાસની આ પ્રવૃત્તિને પ્રભુ વધુ બળ આપે તેવી અભ્યર્થના પાઠવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સમૂહ પ્રાર્થના યોજાઈ હતી. ત્યારબાદ શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલે મહેમાનોનો પરિચય આપી સ્વાગત કર્યુ હતુ.

# ચિલોડા સર્કલથી મીની ટ્રકમાં પશુઓ ભરીને જતા બે શકમંદો ઝડપાયા

### ત્રણ ભેંસો અને આઠ નાના પાડા ખીચોખીચ ભર્યા હતા

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા સર્કલ પાસે આજે બપોરના અરસામાં ચિલોડા પોલીસની એક ટીમ વાહન ચેકિંગમાં તૈનાત હતી તે દરમિયાન જીજે ૧ ડીજે ૩૪૩૪ નંબરનું એક પીકઅપ ડાલુ (મીની ટ્રક) બેફામ ગતિએ હાઈવે પરથી



આવ્યું અને સર્કલ ક્રોસ કર્યું હતું.

આ મીની ટ્રક ઉપર શંકા જતા ચિલોડા પોલીસે તેને આંતરીને પકડી હતી. અંદર તપાસ કરતા તેમાંથી ત્રણ ભેંસો અને આઠ નાના પાડા ખીચોખીચ ભરેલા નજરે ચડયા હતા. ૧૧ પશુઓને બેરહેમીથી ખીચોખીચ ભરીને લઈ જઈ રહેલા અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહેતા બે શખ્સો મહંમદ સલીમ જાફર શેખ અને મહંમદ હુસેન ગુલાબ ખાનની ચિલોડા પોલીસે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અબોલ પશુઓ ક્યાં લઈ જવાઈ રહ્યા હતા અને તેની પરમીટ છે કે કેમ તે સહિતની ઊંડાણપૂર્વક પૂછપરછ ચિલોડા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૨૨મીએ વિદ્યાર્થી સન્માન સમારંભ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સંસ્થાના પેન્શનરોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ટકા મેળવનાર પૌત્ર પૌત્રીઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૨૨-૭-૨૦૧૮ને રવિવારે બપોરે ૩.૦૦ કલાકે શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ, કડી શિક્ષણ સંકુલ, સે-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, પેન્શનર મિત્રો અને સન્માનપાત્ર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સપરિવાર હાજર રહેવા પ્રવરમંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવ્યું છે.

# રાજ્ય વેરા અધિકારી અને સહાયક રાજ્ય વેરા કમિશનરની જગ્યાઓ અલગ-અલગ કરવા ઉમેદવારોની માંગ

ગાંધીનગર, તા.૧૮


ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તાજેતરમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે, જેમાં રાજય વેરા અધિકારીની ૪૦ જગ્યાઓ અને સહાયક વેરા કમિશનરની ૧૫ જગ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જીપીએસસી વર્ગ-૧ અને ૨ માં કુલ ૫૫ જગ્યાઓનો સમાવેશ કરાયો છે.ત્યારે આ જાહેરાત સ્પેશ્યલ કોમર્સને લગતી પોસ્ટને આ ભરતીમાં ભેળવી દેવાથી કોમર્સના ઉમેદવારોને મોટા પાયે અન્યાય થયો છે. જેને પગલે રાજય વેરા અધિકારી અને સહાયક વેરા કમિશનરની જગ્યાઓ અલગ કરવા ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષને ઉમેદવારોએ આવેદન પત્ર આપી રજુઆત કરી છે.

થોડા સમય અગાઉ તા. ૧-૮-૧૬ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરીને હિસાબી અધિકારી વર્ગ-૨ અને વાણીજય વેરા અધિકારીની કુલ ૨૮૧ જગ્યાઓ તેમજ હિસાબી અધિકારી વર્ગ-૧ અને સહાયક વાણીજયક વેરા કમિશનરની કુલ-૯૦ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા પુરી કરી છે. આ ભરતી પ્રક્રિયામાં જરુરી લાયકાત માટે બીકોમ, બીએ વીથ ઈકોનોમીકસ, બીસીએ, તથા સીએ, સીએસ, આઈસીડબલ્યુંએની લાયકાત ધરાવતા ઉમેદવારોને અરજી કરવી તેવું જાહેરાતમાં સ્પષ્ટ લખેલું હતું. આ બંન્ને ભરતીમાં ઘણા એમબીએ માર્કેટીંગ કરેલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેને પ્રાથમિક પરિક્ષા બાદ નકારવામાં આવી હતી. જેથી એક વાત નિશ્ચિત થાય છે કે ઉપરોકત બંન્ને પોસ્ટ સામાન્ય ન કહી શકાય તેવી તેમજ તે પોસ્ટ માટે જે તે ફિલ્ડનું (કોમર્સ) નોલેજ હોવું ખુબ જ જરુરી છે. ત્યારે તાજેતરમાં આવેલી જાહેરાતમાં પ્રત્યક્ષ રુપથી સ્પેશ્યલ કોમર્સને લગતી પોસ્ટને આ ભરતીમાં ભેળવી દેવાથી કોમર્સના ઉમેદવારોને મોટાપાયે અન્યાય થયો છે. જેથી ઉમેદવારોએ ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષનો આવેદન પત્ર આપી લેખિત રજુઆત કરી છે કે રાજય વેરા કમિશનર અને રાજય વેરા અધિકારીની કુલ ૫૫ જગ્યાઓને કોમર્સ ઉમેદવારો માટે હાલની જાહેરાતથી અલગ કરીને ફરીવાર જાહેરાત આપવી. તેમજ અગાઉની જેમ જનરલ કેટેગરી માટે વય મર્યાદા ૩૭ વર્ષ કરવી.

# યુથ હોસ્ટેલ પાસે બસના પૈંડા ખુપી ગયા

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૬ સ્થિત યુથ હોસ્ટેલના ગેટ પાસે એક બસના પાછળના ભાગના પૈંડા ખુંપી ગયા હતા. વરસાદી પોલાણને પગલે બસ ખુંપી જતા બસમાં સવાર બાળકોને નીચે ઉતારી ભારે મથામણ બાદ આજરોજ સાંજના સુમારે જેસીબીની મદદથી બસને બહાર નીકાળવામાં આવી હતી. ત્યારે શહેરમાં સામાન્ય વરસાદમાં આ પરિસ્થિતિ છે. ત્યારે શહેરમાં મેઘો મન મુકીને વરસે તો કેવી સ્થિતિ ઉભી થાય તે વિચારવું રહ્યું.

ગાંધીનગર શહેરમાં મેઘરાજા મનમુકીને હજુ વરસ્યા નથી. માત્ર ગણતરીનો વરસાદ પડ્યો છે. વરસાદ નહીં વરસતા જગતના તાત પણ ચિંતાગ્રસ્ત બન્યા છે. શહેરમાં છુટાછવાયા ઝાપટા પડ્યા છે. ત્યારે નગરમાં ઠેરઠેર ખોદકામને પગલે ચોમાસામાં વાહનચાલકોની સ્થિતિ કફોડી બની જવા પામે છે. શહેરમાં ગેસ લાઈન, વિજપોલ, વિજલાઈન તેમજ ઈન્ટરનેટ, ગટરલાઈન, પાણીલાઈન સહિતનું અંડરગ્રાઉન્ડ કનેકશન હોવાથી ખોદકામ ચાલતા હોય છે. જયારે યોગ્ય પુરાણ ન થતા વાહન ખુંપી




જવાના કિસ્સા ચોમાસાની સિઝનમાં બનતા હોય છે. ત્યારે સોનગઢ-વ્યારા વિસ્તારની પ્રાથમિક શાળાના બાળકોને લઈને આવેલી બસ સેકટર-૧૫ યુથ હોસ્ટેલમાં વળાંક લેતા સમયે ફસાઈ ગઈ હતી. બસના પાછળના ભાગના પૈંડા જમીનમાં ખુંપી જતા ભારે મથામણ બાદ પણ નીકળ્યા ન હતા. ત્યારબાદ સાંજના સુમારે જેસીબી મશીનની મદદથી બસને બહાર નીકાળવામાં આવી હતી. ત્યારે નગરમાં સામાન્ય વરસાદમાં આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે તો વધુ વરસાદ પડે તો કેવી સ્થિતિ ઉભી થાય તે વિચારવું રહ્યું.

# પાદ પ્રક્ષાલન સાથે મન પ્રક્ષાલન પણ ખૂબ જરૂરી : પૂ. સુનીલ સાગરજી મહારાજ

### ચાતુર્માસ માટે પધારેલા આચાર્ય પૂ. સુનીલ સાગરજી તથા મુનિઓ-સાધ્વીજીઓનું ભવ્ય સ્વાગત કરાયું : મેયર-ડેપ્યુટિ મેયરે પાદ પ્રક્ષાલનનો લ્હાવો લીધો : મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ ઉમટ્યાં

ગાંધીનગર, તા. ૧૮

''પાદ પ્રક્ષાલન સાથે મન પ્રક્ષાલન પણ એટલું જ જરૂરી છે, મનનું પ્રક્ષાલન કરવા મનમાં નિરંતરતા લાવવી પડે'' આજે ચાતુર્માસ માટે ગાંધીનગરના મહેમાન બનેલા આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજે તેમના ભવ્ય સ્વાગત બાદ કરેલા પ્રવચનમાં આ શબ્દો કહ્યાં હતા. આ અગાઉ સવારે સાડા સાત વાગે ખ-૫ સર્કલે શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ અને ડેપ્યુટિ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિત સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત જૈન શ્રાવકોની ઉપસ્થિતિમાં ભવ્ય પાદ પ્રક્ષાલન સાથે સ્વાગત કરાયું હતું.



આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજ આજે ૪૦ જેટલા મુનિઓ-સાધ્વીજીઓનું પણ આ પ્રસંગે ભવ્ય સ્વાગત કરાયું હતું. એક હાથી, ૧૮ ઘોડા અને ૩ બેન્ડની સંગીતમય સુરાવલીઓ સાથે આચાર્ય તથા સંઘ સહિતની શોભાયાત્રા બે-બેની લાઈનમાં શિસ્તબદ્ધ રીતે માર્ગ નં. ૫ પરથી પસાર થઈ હતી. ખ-૫ થી ગ-૫, ઘ-૫ થી ૧૭/૨૨, ચ-૫, સચિવાલય, સે. ૨૧ પોલીસ સ્ટેશન તથા એમએલએ ક્વાર્ટસ થઈ આ શોભાયાત્રા દિગંબર જૈન દેરાસર ખાતેના સભામંડપમાં પહોંચી હતી. સભામંડપ ખાતે ૧૮ દ્રવ્યોથી ગાંધીનગરની આઈઆઈટીના પ્રાધ્યાપક મનીષ જૈને આચાર્ય તથા મુનિઓ વગેરેનું પાદ પ્રક્ષાલન કર્યુ હતુ. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં મેયર પ્રવિણભાઈ પટેલે ગાંધીનગરમાં મહાન આચાર્યો દ્વારા અહિંસાના સંદેશને ફેલાવવાના તમામ પ્રયાસોમાં સાથ આપવાની ખાતરી આપી હતી.

સ્વાગત સમારંભમાં ગુજરાતના અને શહેર ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મુંબઈ અને દિલ્હી જેવા સ્થળોએથી પણ ભાવિકો ઉમટી પડ્યા હતા. સ્વાગત પ્રવચનમાં આચાર્ય પૂ. સુનિલસાગરજી મહારાજે મન પ્રક્ષાલન પર ભાર મુકતા જણાવ્યું હતું કે 'ભક્તિ થકી જીવનને ધર્મના માર્ગે વાળવું જોઈએ.' આ સાથે તેમણે ઉદાહરણ આપતા કહ્યુ કે એક ગામમાં વરસાદ નહોતો આવતો ત્યારે એક સંતે તમામ ગ્રામજનોને એક સ્થળે બોલાવી સાથે ભક્તિ કરવા જણાવ્યુ હતુ. ત્યારે કેટલાંક ગ્રામજનો છત્રી લઈને આવ્યાં હતા. આવો વિશ્વાસ ભક્તિમાં પણ કેળવવા આચાર્યએ શીખ આપી હતી. સ્વાગત સમારંભ બાદ આચાર્ય મહારાજ તથા સંઘની આહાર પ્રક્રિયા યોજાઈ હતી. જેનો લાભ ચાતુર્માસ સમિતિના પ્રમુખ સુનિલભાઈ મણીલાલ શાહના પરિવારે મેળવ્યો હતો. આહાર પ્રક્રિયા પછી આચાર્યને ગાંધીનગર ખાતે ચાતુર્માસ માટે ઉભી કરવામાં આવેલી સુવિધાઓથી વાકેફ કરાયાં હતા. સાંજે સભામંડપમાં આરતી યોજાઈ હતી.

## કુટિર ઉદ્યોગ ખાતા દ્વારા વયનિવૃત્ત કર્મચારીઓને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણ આપવામાં અન્યાય

ગાંધીનગર, તા. ૧૮

રાજયના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતે સંલગ્ન સમાજ કલ્યાણ ખાતાના ટીસીપીસી કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને તાલીમ આપી રોજગારી પુરી પાડતા કર્મચારીઓ કે જેઓ ઈન્સ્ટ્રક્ટરો તરીકે એકજ પગાર ધોરણમાં પચ્ચીસેક વર્ષ સુધી સેવાઓ આપી નિવૃત્ત થયા છે. આ કર્મચારીઓમાં જેઓ તા. ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી નિવૃત્ત રેક્ટર-કમ-સુપ્રિટેન્ડન્ટ સંવર્ગમાં ફરજ બજાવતા હતા અથવા નિવૃત્ત થઈ ગયા છે તેમ છતાં તેમને બઢતી તથા ઉચ્ચત્તર પગાર ધોરણના લાભથી જાણીબુઝીને વંચિત રાખવામાં આવી રહ્યાં છે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૩જી ઓક્ટોબર ૨૦૦૯ના ઠરાવથી ઈન્સ્ટ્રક્ટર અને રેક્ટર-કમ-સુપ્રિટેન્ડન્ટની જગ્યાઓ મર્જ કરવામાં આવી અને આ જગ્યાઓને રેક્ટર-કમ-સુપ્રિટેન્ડન્ટનું નામાભિધાન કરવાનું ઠરાવાયું હતુ. આથી ટીસીપીએ કેન્દ્રના કર્મચારીઓને રેક્ટર-કમ-સુપ્રિટેન્ડન્ટ વર્ગ-૩ પગારધોરણ બઢતીની જગ્યાએ ટેકનિકલ ઓસીસ્ટન્ટ વર્ગ-૩નુ પગાર ધોરણ ૫૫૦૦-૯૦૦૦ મળવા પાત્ર થાય છે. આમ છતાં સંલગ્ન ખાતા તરફથી આ જગ્યાઓનું બઢતીની પેટર્નનો વિગતવાર ઠરાવ કરવામાં આવ્યો નથી જેના કારણે રેક્ટર-કમ-સુપ્રિટેન્ડન્ટ ૪૫૦૦-૭૫૦૦ની સામે ૪૫૦૦-૭૦૦૦નું પગારધોરણ આપવામાં આવતા કર્મચારીઓને કોઈ નાણાંકીય લાભ મળવા પામ્યો નથી. આ સાથે ખાતામાં હાલના જુનિયર રેક્ટર-કમ-સુપ્રિટેન્ડન્ટ વર્ગ-૩ને સીધા આઈપીઓ વર્ગ-૨નું ૬૫૦૦-૧૦૫૦૦માં બઢતી આપવા માટેનું કોઈ માળખુ નક્કી થયુ ના હોવા છતાં તેમને સીધા ભરતી નિયમોની જોગવાઈઓ મુજબ સીધા વર્ગ-૨ માં બઢતી આપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ મુજબ નિવૃત્ત કર્મચારીઓ ટેકનીકલ આસીસ્ટન્ટ વર્ગ-૩ને ૫૫૦૦-૯૦૦૦નું મળવાપાત્ર પગારધોરણ નહીં આપીને સરકારે અન્યાય કર્યો છે. જેના કારણે સિનિયર કર્મચારીઓ પ્રત્યે ઓરમાયું વર્તન રાખવામાં આવી રહ્યાનો અહેસાસ થઈ રહ્યો છે.

આ બાબતે નિવૃત્ત કર્મચારીઓ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા મંત્રી જયેશભાઈ રાદડિયાને મળી લેખિતમાં જાણ કરવામાં આવી છે છતાં આ બાબતે અસરકારક નિર્ણય લેવામાં નથી આવી રહ્યો. આ નિવૃત્ત કર્મચારીઓને સત્વરે તેમને મળવાપાત્ર લાભો આપવામાં આવે તેવી માંગ કુટીર ઉદ્યોગ પેન્શનર્સ સમાજના કમિટી અધ્યક્ષ તથા રાજ્ય તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર ટેકનીકલ કર્મચારી મંડળના પૂર્વ પ્રમુખ મફતભાઈ પટેલે જણાવ્યુ છે.